<table>
<tr><td rowspan="5">GJKH030018022025</td><td>કેસ રજુ તારીખ</td><td colspan="3">૦૩/૧૧/૨૦૨૫</td></tr>
<tr><td>કેસ રજી તારીખ</td><td colspan="3">૦૩/૧૧/૨૦૨૫</td></tr>
<tr><td>કેસ રજી તારીખ</td><td colspan="3">૨૨/૦૫/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">અવધિ :</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td></td><td></td><td></td></tr>
</table>

**મહેમદાવાદના મે.જ્યુડી.મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં, મુ.મહેમદાવાદ. તા.મહેમદાવાદ, જી.ખેડા.**

આંક–

| | |
|---|---|
| ચુકાદા તારીખ | ૨૨/૦૫/૨૦૨૬ |
| ફોજદારી કેસ નં. | ૧૩૬૭/૨૦૨૫ |
| ગુન્હો | બી. એન. એસ. ૩૧૬(૩), ૫૪ |
| પ્રથમ માહીતી અહેવાલ | એફ. આઈ. આર. નં. ૨૫૦૩૧૨/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | મહેમદાવાદ પો. સ્ટે., જિ.ખેડા. |

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષે | વિ.એ.પી. પી. શ્રી કે. એ. સુથાર |
| વિરૂધ્ધ | |
| આરોપી | (૧) રાજમનીસીંગ નંદલાલસીંગ રાજપૂત, મુળ રહે. રામબબુરા, તા.સદર જી.મિર્ઝાપુર (ઉત્તરપ્રદેશ) હાલ રહે.મકાન નંબર ૨૩૦૩/ |

| | |
|---|---|
| | ગુજરાત હાઉસીંગ બોર્ડ શાક માર્કેટની પાસે ચાંદખેડા અમદાવાદ<br><br>(૨) અલ્પેશકુમાર મનુભાઇ ચૌહાણ રહે.મોદજ દાજીપુરા પાટીયા પાસે વાંટા વિસ્તાર તા.મહેમદાવાદ હાલ રહે માકવા એક્ષપ્રેસ હાઇવે રિલાયન્સ પેટ્રોલપંપની નજીક ખેતરમા તા મહેમદાવાદ જી.ખેડા<br><br>(૩) રયજીભાઇ છોટાભાઇ ડાભી રહે. માંકવા રીલાયન્સ પેટ્રોલપંપની બાજુમાં તા.મહેમદાવાદ જી.ખેડા<br><br>(૪) સતિષકુમાર રામપાલસિંહ ભગેલ મુળ રહે.ગુતલાસીંગ તા.એનવાકોર જી.આગરા (ઉત્તર પ્રદેશ) હાલ રહે. માંકવા રીલાયન્સ પેટ્રોલપંપની બાજુમાં તા.મહેમદાવાદ જી.ખેડા |
| આરોપી પક્ષે | વિ.વ.શ્રી ડી. એમ. ઝાલા |

**<u>-:નમુનો-બ:-</u>**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૩૧/૦૩/૨૦૨૫ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૩૧/૦૩/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૦૩/૧૧/૨૦૨૫ |
| આરોપીની તહોમતનામું/નિવેદન લીધા તારીખ | ૦૮/૧૨/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૯/૦૫/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૨/૦૫/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૨/૦૫/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | લાગુ પડતુ નથી. |

**:: આરોપીની વિગત ::**

| અનું. નંબર | આરોપીનું નામ | ધરપકડ થયા તારીખ | જામીન ઉપર મુક્ત થયા તારીખ | તહોમત | શું નિર્દોષ / તકસીર–વાન | સજા | સુનાવણી દરમ્યાન અટકાયતની અવધિ, ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ – ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રાજમનીસીંગ નંદલાલસીંગ રાજપૂત, | ૧/૪/૨૫ | ૨/૪/૨૫ | બી. એન. એસ. કલમ ૩૧૬(૩), ૫૪ | શંકાનો લાભ આપી નિર્દોષ | – | – |
| ૨ | અલ્પેશકુમાર મનુભાઇ ચૌહાણ | ૧/૪/૨૫ | ૨/૪/૨૫ | | | – | – |
| ૩ | રયજીભાઇ છોટાભાઇ ડાભી | ૧/૪/૨૫ | ૨/૪/૨૫ | | | – | – |
| ૪ | સતિષકુમાર રામપાલસિંહ ભગેલ | ૧/૪/૨૫ | ૨/૪/૨૫ | | | – | – |

## :: ફરિયાદ પક્ષે/આરોપી પક્ષે/ન્યાયાલયના સાક્ષીઓની યાદી ::

**અ. ફરિયાદ પક્ષે :**

| અનુક્રમ | વિગત | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફરિયાદ પક્ષે સાહેદ નં.: ૦૧ | પ્રશાંતકુમાર સુમનભાઇ પંચાલ | ફરિયાદી |
| ફરિયાદ પક્ષે સાહેદ નં.: ૦૨ | કૈશલભાઇ બીપીનભાઇ પટેલ | સાહેદ |

## :: ફરિયાદ પક્ષે / આરોપી પક્ષે / ન્યાયાલયના આંકની યાદી ::

**અ. ફરિયાદ પક્ષે :**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| | | |

| | | |
|---|---|---|
| ૧. | ફ.સા.નં.૧/આંક–૧૦ | ફરિયાદી પ્રશાંતકુમાર સુમનભાઇ પંચાલની જુબાની |
| ૨. | આંક–૧૧ | ફરિયાદ |
| ૩. | ફ.સા.નં.૨/આંક–૧૨ | સાહેદ કૌશલભાઇ બીપીનભાઇ પટેલની જુબાની |
| ૪. | આંક –૧૩ | પંચનામું |
| ૫. | આંક–૧૪ | પંચનામું |
| ૬. | આંક–૧૫ | પંચનામું |

## :: ચુકાદો ::

## ૧. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત :

ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપી નંબર ૧ નાએ ફરીયાદી શ્રીની ટેન્કર નંબર GJ–27–TD–0227 ઉપર વિશ્વાસથી ડ્રાયવર તરીકે રાખેલ જે ટેન્કરમાં ડીઝલ/પેટ્રોલ વડોદરા થસ ભરી અમદાવાદ જતા ગઇ તા.૩૧/૦૩/૨૦૨૫ ના રોજ કલાક ૧૩/૦૦ વાગ્યાના સુમારે મોજે વડોદરા અમદાવાદ એક્સપ્રેસ વે માંકવા રીલાયન્સ પેટ્રોલપંપ નજીક રોડ ની સાઇડમાં આરોપી–૨,૩,૪ ની મદદ ગારીથી ફરીયાદીશ્રીના ટેન્કર માંથી ૨૦ લીટર કિમત રૂ.૧૮૦૦/– નુ કાઢી આરોપી નંબર–૨,૩,૪ ને વેચાણ આપી ફરીયાદીશ્રી સાથે વિશ્વાસઘાત કરી તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, **બી. એન. એસ. ૩૧૬(૩), ૫૪** મુજબ ગુન્હો કરેલ.

## ૨. પોલીસ તપાસ :

સદરહું કામે આરોપીઓ વિરૂદ્ધ મહેમદાવાદ પો.સ્ટે.માં પ્રથમ માહિતી અહેવાલ નંબર, ૨૫૦૩૧૨/૨૦૨૫, બી. એન. એસ. **૩૧૬(૩), ૫૪** થી ગુન્હો નોંધતા, તપાસ કરનાર અમલદારે સદર ગુન્હાઓ અંગેની તપાસ હાથ ધરેલ તેમજ , **બી. એન. એસ. એસ. ૨૦૨૩ ની કલમ– ૧૮૦** અન્વયે ગુન્હાઓથી માહિતગાર સાહેદોના નિવેદનો નોંધી, પંચનામું કરી, આરોપી વિરૂદ્ધ પૂરતો પુરાવો ઉપલબ્ધ હોઈ, અત્રેની અદાલતમાં **બી. એન. એસ. ૩૧૬(૩), ૫૪** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓ અંગે **બી. એન. એસ. એસ. ૨૦૨૩ ની કલમ–૧૯૩** મુજબનું ચાર્જશીટ ફાઈલ કરેલ છે.

## ૩. ન્યાયિક કાર્યવાહી :

સદરહું કામે આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ રજુ થતાં **બી. એન. એસ. એસ. ૨૦૨૩ ની કલમ– ૨૧૦** મુજબ આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુન્હાઓનું સંજ્ઞાન લઈ, **બી. એન. એસ. એસ. ૨૦૨૩ ની કલમ–૨૨૭** અન્વયે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવતા, આરોપીઓ તેઓના વિ.વકીલશ્રી મારફતે અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ. આરોપીઓ અત્રેની અદાલત સમક્ષ હાજર થતા તેઓને **બી. એન. એસ. એસ. ૨૦૨૩ ની કલમ–૨૩૦** અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે આ પ્યાની ખાત્રી કર્યા બાદ ઉપરોકત ગુન્હાઓ અન્વયે સજાની જોગવાઈઓ ધ્યાને લેતાં, સદર ગુન્હાઓ **બી. એન. એસ. એસ. ૨૦૨૩ ની કલમ–૨** મુજબ વોરંટ ટ્રાયબલ હોઈ, સદરહું અધિનિયમના **બી. એન. એસ. એસ. ૨૦૨૩ ની કલમ–૨૬૩ મુજબ આંક–૪** થી આરોપીઓ વિરુધ્ધ તહોમતનામું ફરમાવી, આરોપીઓ ને વાંચી સંભળાવી, **આંક–૫** થી ૮ સુધીના આરોપીઓ નું આક્ષેપિત ગુન્હાઓ સબબ નિવદન નોંધતા આરોપીઓ એ ગુન્હો કબુલ ન હોવાનું જણાવેલ, જેથી સદરહું અધિનિયમની **કલમ–૨૬૫** મુજબ આરોપીઓ વિરુધ્ધ ફરીયાદપક્ષનો પુરાવો નોંધી ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

## ૪. પુરાવાઓ તેમજ દલીલો :

**૪.૧** ફરિયાદપક્ષના કેસની પરિસ્થિતિ, હકીકતો, વિગતો તથા સંજોગોને લક્ષમાં લેતા ફરિયાદપક્ષે મહત્વના સાક્ષી તપાસ્યા બાદ ફરિયાદપક્ષે કલોઝિંગ પુરસિસ રજૂ કરતાં ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે .

૪ .૨ સદરહું કામે ફરિયાદ પક્ષ દ્વારા પ્રસ્તુત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ લક્ષ માં લેતાં, સદર કામે આરોપી વિરુદ્ધ હાલના ગુન્હા સબબ પૂરતો પુરાવો રેકર્ડ ઉપર પ્રાપ્ત થયેલ ન હોઈ, આરોપીનું **બી. એન. એસ. એસ. ૨૦૨૩ ની કલમ–૩૫૧** અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

૪ .૩ ત્યારબાદ, સદરહું કામે ફરિયાદ પક્ષે વિ .એ.પી.પી.શ્રીકે. એ. સુથારનાઓની તેમજ બચાવપક્ષે વિ.વ.શ્રીનાઓની દલીલો સાંભળવામાં આવેલ.

## ૫. મુદ્દાઓ :

હાલના કેસ અંગે વિચારવામાં આવે તો આરોપી સામે ફરિયાદ પક્ષે **બી. એન. એસ. ૩૧૬(૩), ૫૪** મુજબના ગુન્હા સબબનો આક્ષેપ છે તે હકીકતો અને સદર ગુન્હાઓનું સ્વરૂપ જોતા ફરિયાદ પક્ષ માટે નીચે જણાવ્યા મુજબના મુદ્દાઓ નિ: શંકપણે પુરવાર કરવા મહત્વના બને.

| ક્રમ | મુદ્દા |
|---|---|
| ૧. | શું ફરિયાદ પક્ષ નિ:શંક પણે પુરવાર કરે છે કે, આરોપી નંબર ૧ નાએ ફરીયાદી શ્રીની ટેન્કર નંબર GJ–27–TD–0227 ઉપર વિશ્વાસથી ડ્રાયવર તરીકે રાખેલ જે ટેન્કરમાં ડીઝલ/પેટ્રોલ વડોદરા થસ ભરી અમદાવાદ જતા ગઈ તા.૩૧/૦૩/૨૦૨૫ ના રોજ કલાક ૧૩/૦૦ વાગ્યાના સુમારે મોજે વડોદરા અમદાવાદ એક્સપ્રેસ વે માંકવા રીલાયન્સ પેટ્રોલપંપ નજીક રોડ ની સાઇડમાં આરોપી–૨,૩,૪ ની મદદ ગારીથી ફરીયાદીશ્રીના ટેન્કર માંથી ૨૦ લીટર કિમત રૂ.૧૮૦૦/– નુ કાઢી આરોપી નંબર–૨,૩,૪ ને વેચાણ આપી ફરીયાદીશ્રી સાથે વિશ્વાસઘાત કરી તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, **બી. એન. એસ. ૩૧૬(૩), ૫૪** મુજબ ગુન્હો કરેલ? |
| ૨. | શું હુકમ ? |

## ૬. મુદ્દા પરત્વેના નિર્ણય :

| મુદ્દા ક્રમાંક | નિર્ણય |
|---|---|
| ૧. | નકારમાં |
| ૨. | આખરી હુકમ મુજબ |

## ૭. પુરાવાઓનું મૂલ્યાંકન અને નિર્ણયના કારણો :

**૭.૧** સદરહું કામના આરોપી વિરૂદ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત પ્રસ્થાપિત સિધ્ધાંતો લક્ષમાં લેવા જરૂરી બને, જે નીચે મુજબ છે :

- ફોજદારી કાર્યરીતિમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે તેમજ ફરિયાદ પક્ષે આરોપી વિરુદ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જ્યાં સુધી આરોપી વિરુદ્ધનો કેસ સાબિત ન થાય ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન કરવાનુ રહે છે. કાયદાથી એ પણ સ્થાપિત છે કે, જો ફરિયાદ પક્ષના કેસ અંગે, કેસના મૂળ સુધી જાય તે રીતની મહત્વની શંકા ઉભી થાય તો તેનો લાભ આરોપી પક્ષને આપવો જોઈએ; જો કે તેનો હેતુ એવો નથી કે આરોપી પક્ષને કોઈ પણ રીતે લાભ મળે તે હેતુથી ફરિયાદ પક્ષના પુરાવા અંગે ગેરવ્યાજબી શંકા ઉભી કરવી.

કાયદાથી એ પણ સ્થાપિત છે કે ફરિયાદ પક્ષે રજૂ કરેલ પુરાવામાં આવતા કેટલાક તુચ્છ વિરોધાભાષને વધુ પડતું મહત્વ ન આપવું જોઈએ અને ફરિયાદ પક્ષના પુરાવાનું આક્ષેપીત ગુન્હાની કાયદાકીય જોગવાઈ તથા કાનૂની સ્થિતિના સંદર્ભમાં મૂલ્યાંકન કરવું જોઈએ. આ સ્થાપિત કાનૂની સ્થિતિના પરિઘમાં હાલના કેસમાં ફરિયાદ પક્ષે રજૂ કરેલ પુરાવાનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવું આવશ્યક બને છે.

- ફોજદારી કાર્યરીતિમાં આરોપી જો કોઈ અપવાદનો લાભ લેવા ઈચ્છતા હોઈ, તો તેઓએ **ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ ની કલમ– ૧૦૮** અન્વયે સંભવિત્તા દર્શાવવાની રહે છે. સાબિત થયેલ હકીકત કોને કહેવાય, તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પ્રસ્તુત બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકતોનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

- **ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ ની કલમ– ૧૩૯** ધ્યાને લેતાં, કોઈ એક હકીકત સાબિત કરવા સાહેદોની સંખ્યા હોવી જરૂરી નથી, પરંતુ પુરાવાની ગુણવતા અને વિશ્વસનીયતા મહત્વની છે.

**૭.3** સદર કામે પુરાવાઓનું મૂલ્યાંકન કરતા પહેલા ફરિયાદ પક્ષનો ચોક્કસપણે કેસ શું છે તે માટે સદર કામે **આંક – ૧૧** થી રજૂ ફરિયાદને વંચાણે લેવી જરૂરી બને. આરોપી નંબર ૧ નાએ ફરીયાદી શ્રીની ટેન્કર નંબર GJ–27–TD–0227 ઉપર વિશ્વાસથી ડ્રાયવર તરીકે રાખેલ જે ટેન્કરમાં ડીઝલ/પેટ્રોલ વડોદરા થસ ભરી અમદાવાદ જતા ગઈ તા.૩૧/૦૩/૨૦૨૫ ના રોજ કલાક ૧૩/૦૦ વાગ્યાના સુમારે મોજે વડોદરા અમદાવાદ એક્સપ્રેસ વે માંકવા રીલાયન્સ પેટ્રોલપંપ નજીક રોડ ની સાઈડમાં આરોપી–૨,૩,૪ ની મદદ ગારીથી ફરીયાદીશ્રીના ટેન્કર માંથી ૨૦ લીટર કિમત રૂ.૧૮૦૦/– નુ કાઢી આરોપી નંબર–૨,૩,૪ ને વેચાણ આપી ફરીયાદીશ્રી સાથે વિશ્વાસઘાત કરી તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ, જેથી આરોપી વિરૂદ્ધ ફરિયાદ આપેલ.

**૭.૪** સદર કામે **ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ ની કલમ–૧૦૪ થી ૧૦૬** માં જણાવ્યા મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવા સારું **ફરીયાદપક્ષે સાહેદ નં. ૧ ફરીયાદી પ્રશાંતકુમાર સુમનભાઈ પંચાલ**નાઓને આંક–**૧૦** થી તપાસવામાં આવતાં, તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તે અસલાલી રીંગરોડ ઉપર આવેલ સત્સંગી પેટ્રોલપંપ પર છેલ્લા સાતેક વર્ષ ઉપરાંતથી મેનેજર તરીકે નોકરી કરે છે. આ પેટ્રોલપંપના માલીક કૌશલભાઈ બીપીનભાઈ પટેલ છે. તે આજરોજ કોર્ટમા હાજર આરોપી રાજમનીસીંગ નંદલાલસીંગ રાજપુતને તે ઓળખે છે તેઓ

તેમના પેટ્રોલપંપની ટેન્કર નંબર જીજે ૨૭ ટીડી ૦૨૨૭ ઉપર ડ્રાઇવર તરીકે નોકરી કરતા હતા. તા.૩૧.૩.૨૦૨૫ ના રોજ વહેલી સવારે પાંચ વાગે આ તેમના પેટ્રોલપંપની ટેન્કર લઇને આરોપી રાજમનીસીંગ વડોદરા રીફાઇનરીમા ડીઝલ પેટ્રોલ લેવા માટે ગયેલા અને બપોર સુધી આ ગાડી પાછી આવેલ નહી જેથી તેઓએ આ ગાડીમા લગાવેલ જી.પી.એસ. સીસ્ટમ ચેક કરતા આ ગાડી વડોદરા થી અમદાવાદ તરફ જતા એક્સપ્રેસ હાઇવે રોડ ઉપર પેટ્રોલપંપ નજીક હોલ્ડ થયેલાનુ જણાયેલુ. તે દરમિયાન તેમના ઉપર મહેમદાવાદ પો.સ્ટેશનમાંથી ફોન આવેલો અને તેમને મહેમદાવાદ પો.સ્ટેશને બોલાવેલ જેથી તે મહેમદાવાદ પો.સ્ટેશને આવેલ અને પોલીસે તેમને કહેલુ કે, આ ટેન્કરમાથી ડીઝલ ચોરી થાય છે તેવુ કહી તેમની એક ફરિયાદમા સહી કરાવેલી. તેમને ફરિયાદ બતાવવામા આવે છે તે જોઇને જણાવે છે કે, તેમા જે સહી છે તે તેમની છે જે ઓળખી બતાવે છે જે રજુ દાખલ આંક – ૧૧. આ સિવાય બનાવ બાબતે તે બીજુ કાંઈ જાણતો નથી. આ તબકકે સાહેદ તેઓની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોઈ, વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી સાહેદને ફરી ગયેલા (હોસ્ટાઈલ) જાહેર કરી, ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ– ૧૫૪ અન્વયે ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં પણ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.

**૭.૪.૧** બચાવપક્ષે સદર ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવતાં તેઓ સ્વીકારે છે કે, રાજમનીસીંગ તેમના પેટ્રોલપંપ ઉપર ડ્રાઇવર તરીકે નોકરી કરતા હોઇ તેઓને ઓળખે છે. બનાવની જાણ તેમને ફોનથી થયેલી. બનાવ અંગેની જાણ તેમને ફોનથી થયેલ હોઈ, અને તેઓ પોલીસ સ્ટેશને ગયેલા ત્યારે તમામ કાર્યવાહી પુર્ણ થઇ ગયેલ હતી. બનાવ શી રીતે બન્યો તેની તેમને કોઇ જાતમાહીતી નથી.

**૭.૫ ફરીયાદપક્ષે સાહેદ નં. ૨ સાહેદ કૌશલભાઈ બીપીનભાઈ પટેલ**નાઓને આંક–**૧૨** થી તપાસવામાં આવતાં, તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તે અસલાલી રીંગરોડ ઉપર આવેલ સત્સંગી પેટ્રોલપંપ તેમની માલીકીનુ ધરાવે છે. ફરિયાદી પ્રશાંતકુમાર સુમનભાઈ પંચાલ આ પેટ્રોલપંપ પર છેલ્લા સાતેક વર્ષ ઉપરાંતથી મેનેજર તરીકે નોકરી કરે છે. તે આજરોજ કોર્ટમા હાજર આરોપી રાજમનીસીંગ નંદલાલસીંગ રાજપુતને તે ઓળખે છે તેઓ તેમના પેટ્રોલપંપની ટેન્કર નંબર – જીજે ૨૭ ટીડી ૦૨૨૭ ઉપર ડ્રાઇવર તરીકે નોકરી કરતા હતા. તા.૩૧.૩.૨૦૨૫ ના રોજ વહેલી સવારે પાંચ વાગે આ તેમના પેટ્રોલપંપની ટેન્કર લઇને આરોપી રાજમનીસીંગ વડોદાર રીફાઇનરીમા ડીઝલ પેટ્રોલ લેવા માટે ગયેલા અને બપોર સુધી આ ગાડી પાછી આવેલ નહી જેથી તેમના મેનેજર પ્રશાંતકુમારે

આ ગાડીમા લગાવેલ જી.પી.એસ. સીસ્ટમ ચેક કરતા આ ગાડી વડોદરા થી અમદાવાદ તરફ જતા એક્સપ્રેસ હાઇવે રોડ ઉપર પેટ્રોલપંપ નજીક હોલ્ડ થયેલાનુ જણાયેલુ. તે દરમિયાન તેમના મેનેજર પ્રશાંતકુમાર ઉપર મહેમદાવાદ પો.સ્ટેશનમાંથી ફોન આવેલો અને તેમને મહેમદાવાદ પો.સ્ટેશને બોલાવેલ જેથી તેઓ મહેમદાવાદ પો.સ્ટેશને ગયેલા અને પોલીસે તેમને કહેલુ કે, આ ટેન્કરમાથી ડીઝલ ચોરી થાય છે તેવુ કહી તેમની એક ફરિયાદમા સહી કરાવેલી. આ સિવાય બનાવ બાબતે હુ બીજુ કાંઇ જાણતો નથી. આ તબકકે સાહેદ તેઓની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોઈ, વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી સાહેદને ફરી ગયેલા (હોસ્ટાઈલ) જાહેર કરી, ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ- ૧૫૪ અન્વયે ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં પણ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.

**૭.૫.૧** બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવતાં તેઓ સ્વીકારે છે કે, બનાવની જાણ તેમને વાતોવાતો થી થયેલી. રાજમનીસીંગ તેમના પેટ્રોલપંપ ઉપર ડ્રાઇવર તરીકે નોકરી કરતા હોઈ તેઓને ઓળખે છે. બનાવ અંગેની જાણ તેમને વોતોવાતથી થયેલ હોઇ, શુ બનાવ બનેલ તેની તેમને કોઇ જાતમાહીતી નહી.

**૭.૬** આમ, સદર કામે ફરીયાદી તેમની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, બનાવની જાણ તેમને ફોનથી થયેલી. બનાવ અંગેની જાણ તેમને ફોનથી થયેલ હોઈ, અને તેઓ પોલીસ સ્ટેશને ગયેલા ત્યારે તમામ કાર્યવાહી પુર્ણ થઇ ગયેલ હતી. બનાવ શી રીતે બન્યો તેની તેમને કોઇ જાતમાહીતી નથી. તથા સાહેદ કૌશલભાઇએ તેમની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, બનાવની જાણ તેમને વાતોવાતો થી થયેલી. રાજમનીસીંગ તેમના પેટ્રોલપંપ ઉપર ડ્રાઇવર તરીકે નોકરી કરતા હોઈ તેઓને ઓળખે છે. બનાવ અંગેની જાણ તેમને વોતોવાતથી થયેલ હોઇ, શુ બનાવ બનેલ તેની તેમને કોઇ જાતમાહીતી નહી. ત્યારે ખરેખર, આરોપી નંબર ૧ નાએ ફરીયાદી શ્રીની ટેન્કર ઉપર વિશ્વાસથી ડ્રાયવર તરીકે રાખેલ જે ટેન્કરમાં ડીઝલ/પેટ્રોલ વડોદરા થસ ભરી અમદાવાદ જતા ગઇ મોજે વડોદરા અમદાવાદ એક્સપ્રેસ વે માંકવા રીલાયન્સ પેટ્રોલપંપ નજીક રોડ ની સાઇડમાં આરોપી-૨,૩,૪ ની મદદ ગારીથી ફરીયાદીશ્રીના ટેન્કર માંથી ૨૦ લીટર કિમત રૂ.૧૮૦૦/- નુ કાઢી આરોપી નંબર-૨,૩,૪ ને વેચાણ આપી ફરીયાદીશ્રી સાથે વિશ્વાસઘાત કરી તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ હોય તેવું સદર ફરીયાદીના પુરાવાથી નિઃશંકપણે પ્રસ્થાપિત થતું નથી.

૭.૭ આ તબક્કે નામદાર ઉચ્ચ અદાલતના સતીશ મહેરા વિરૂદ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશનના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો મુજબ જ્યારે મહત્વના સાહેદોએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોય, ત્યારે બાકીના સાહેદોને તપાસવાની ઔપચારિકતા પૂરી કરવાની જરૂર નથી. તદુપરાંત નામદાર અદાલતે એવું નિરીક્ષણ કરેલ છે કે, " But when the Judge is fairly certain that there is no prospect of the case ending in conviction the valuable time of the court should not be wasted for holding a trial only for the purpose of formally completing the procedure to pronounce the conclusion on a future date.". આમ, હાલના કામે જયારે ફરિયાદી પોતેજ પોતાની ફરિયાદ હકીકતને તથા સાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોઈ, ત્યારે અન્ય સાહેદ, પંચસાહેદ કે પોલીસ સાહેદને તપાસવાથી કેસના ગુણદોષ પર આવનાર પરિણામ પર કોઈ વિપરીત અસર ન પડે તેમ હોઈ, વધુ પુરાવો નોંધવામાં આવેલ નથી.

૭.૭.૧ જયારે ફરિયાદીની જુબાની આરોપીઓ સામેના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરી શકે તેમ ન હોય તે હકીકતને સંદભે" ભારતીય પુરાવા અધિનિયમની કલમ –૧૩૪ ધ્યાને લેતાં, કોઇ એક હકીકત સાબિત કરવા સાહેદોની સંખ્યા હોવી જરૂરી નથી, પરંતુ પુરાવાની ગુણવત્ત અને વિશ્વસનીયતા મહત્વની છે. આમ, કેસના નિર્ણય સારું પુરાવાની ગુણવત્તા મહત્વની છે, નહી કે પુરવાની સંખ્યા.

૭.૭ આમ, ઉપરોકત કરેલ તમામ ચર્ચા તેમજ રજુ પુરાવાનું મૂલ્યાંકન તથા આક્ષેપીત ગુનાની કાયદાકીય જોગવાઈઓ નજર સમક્ષ રાખતાં, આરોપી નંબર ૧ નાએ ફરીયાદી શ્રીની ટેન્કર ઉપર વિશ્વાસથી ડ્રાયવર તરીકે રાખેલ જે ટેન્કરમાં ડીઝલ/પેટ્રોલ વડોદરા થસ ભરી અમદાવાદ જતા ગઈ મોજે વડોદરા અમદાવાદ એક્સપ્રેસ વે માંકવા રીલાયન્સ પેટ્રોલપંપ નજીક રોડ ની સાઇડમાં આરોપી–૨,૩,૪ ની મદદ ગારીથી ફરીયાદીશ્રીના ટેન્કર માંથી ૨૦ લીટર કિમત રૂ.૧૮૦૦/– નુ કાઢી આરોપી નંબર–૨,૩,૪ ને વેચાણ આપી ફરીયાદીશ્રી સાથે વિશ્વાસઘાત કરી તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ હોવાની હકીકત, ફરિયાદપક્ષ રેકર્ડ પરનાં પુરાવાથી, નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, મુદ્દા

નંબર–૧ નો જવાબ નકારમાં ઠરાવી, ન્યાયનાં વિશાળ હિતમા ંમુદ્દા નં બર–૨ પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

**૧.** આ કામના આરોપી (૧) રાજમનીસીંગ નંદલાલસીંગ રાજપૂત, મુળ રહે. રામબબુરા, તા.સદર જી.મિર્ઝાપુર (ઉત્તરપ્રદેશ) હાલ રહે.મકાન નંબર ૨૩૦૩/ ગુજરાત હાઉસીંગ બોર્ડ શાક માર્કેટની પાસે ચાંદખેડા અમદાવાદ (૨) અલ્પેશકુમાર મનુભાઈ ચૌહાણ રહે.મોદજ દાજીપુરા પાટીયા પાસે વાંટા વિસ્તાર તા.મહેમદાવાદ હાલ રહે માકવા એક્ષપ્રેસ હાઈવે રિલાયન્સ પેટ્રોલપંપની નજીક ખેતરમા તા મહેમદાવાદ જી.ખેડા (૩) રયજીભાઇ છોટાભાઇ ડાભી રહે. માંકવા રીલાયન્સ પેટ્રોલપંપની બાજુમાં તા.મહેમદાવાદ જી.ખેડા (૪) સતિષકુમાર રામપાલસિંહ ભગેલ મુળ રહે.ગુતલાસીંગ તા.એનવાકોર જી.આગરા (ઉત્તર પ્રદેશ) હાલ રહે. માંકવા રીલાયન્સ પેટ્રોલપંપની બાજુમાં તા.મહેમદાવાદ જી.ખેડાનાઓને બી. એન. એસ. એસ.ની કલમ – ૨૭૧ (૧) અન્વયે બી. એન. એસ. ૩૧૬(૩), ૫૪ મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવો જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં ન આવેલ હોય તો જવાબદાર પોલીસ અધિકારીએ મુદામાલ અંગે ઈન્કવાયરી કરી માલિકીની ઓળખના આધારે પુરાવા લઈ તેના મૂળ માલિકને પરત કરવો.

**૩.** આરોપીઓના અગાઉના રજૂ કરેલ જામીનખત તથા જાત મુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે, ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૪૫૭(એ) અન્વયે દરેક આરોપીએ રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર પુરા)નાં સધ્ધર જામીન તથા જાતમુચરકા છ માસના સમયગાળા સારું રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ **૨૨'મી,** માહે **મે,** સને **૨૦૨૬** નારોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ:–મહેમદાવાદ.**
**તારીખ: ૨૨/૦૫/૨૦૨૬**

**(દેવદત્ત વી. વ્યાસ)**
**જ્યુડીશ્ચલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**જીજે૦૧૬૫૯**